

બે વર્ષ બાદ સંસ્કૃતિકુંજ ગુંજી ઉઠ્યુ છે. આ વખતે કોરોનાની અસર ઓછી હોવાથી વસંતોત્સવને માણવા માટે લોકો દૂર દૂરથી આવી રહ્યા છે. બાળકો માટે અહીં વિવિધ રાઈડ્સ પણ જોવા મળી રહી છે જેનો આનંદ બાળકો લઈ રહ્યા છે.

# જાહેર રસ્તા પર લોકો પર રંગ નાંખ્યો તો થશે સજા

## હોળી ધુળેટીનો તહેવારે ગુજરાતભરમાંથી પગપાળા યાત્રાળુઓ મોટી સંખ્યામાં ડાકોર દર્શન કરવા જાય છે

અમદાવાદ,તા.૧૭

અમદાવાદ જિલ્લામાં ધુળેટીના તહેવારને લઈ અમદાવાદ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ પરિમલ બી પંડ્યાએ જાહેરનામું બહાર પાડ્યું છે. સામાન્ય સંજોગોમાં હોળી ધુળેટીના તહેવારોની ઉજવણી માટે લોકો સોસાયટી, શેરી, નાકા, જાહેર સ્થળો, ખુલ્લા મેદાનો તથા રસ્તાઓ પર મોટી સંખ્યામાં એકત્રીત થતા હોય છે. તહેવારોની ઉજવણી દરમ્યાન જાહેર જગ્યાઓએ આવતા - જતા રાહદારીઓ તથા વાહનોમાં આવતા જતા લોકો પાસેથી હોળી -ધુળેટીના પૈસા ઉઘરાવવા, તેઓ ઉપર રંગ, રંગ મિશ્રિત પાણી, કાદવ અથવા તૈલી વસ્તુઓ ફેંકવાની શક્યતાઓ છે. આવા કૃત્યોથી જાહેર જનતાને અડચણ, ત્રાસ અથવા ઈજા થવાની અથવા તો જાહેર સુલેહ શાંતિનો ભંગ થવાની શક્યતા નકારી શકાય નહિ. જેથી આવા કૃત્યો પર પ્રતિબંધ મુકવો મુકવામાં આવ્યો છે. અમદાવાદ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ અમદાવાદ પરિમલ પંડ્યાએ જણાવ્યું છે કે, પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરની હદ સિવાયના સમગ્ર અમદાવાદ જીલ્લાના મહેસુલી વિસ્તારમાં ૨૧ માર્ચ ૨૦૨૨ના રાતના ૧૨ વાગ્યા સુધી કોઈપણ વ્યક્તિએ જાહેર જગ્યાએ આવતા - જતા રાહદારીઓ ઉપર અથવા મકાનો અથવા મિલ્કતો વાહનો ઉપર અથવા વાહનોમાં જતા આવતા શખ્સો ઉપર કાદવ, કિચડ, રંગ અથવા રંગ મિશ્રિત કરેલા પાણી અથવા તૈલી તથા આવી બીજી કોઈ વસ્તુઓ નાંખવી કે નખાવવી નહિ અથવા હોળી - ધુળેટીના પૈસા ઉઘરાવવા નહિ અથવા બીજા કોઈ ઈરાદાથી જાહેર રસ્તા ઉપર જતા આવતા રાહદારીઓ અથવા વાહનો રોકવા નહિ.અને પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરની હદ સિવાયનો સમગ્ર અમદાવાદ જીલ્લાનો મહેસુલી વિસ્તાર આ જાહેરનામાનો ભંગ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમની કલમ -૧૩૧ અને ભારતીય ફોજદારી અધિનિયમ -૧૮૬૦ની કલમ -૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે. રાજયમાં હોળી ધુળેટીનો તહેવારે ગુજરાતભરમાંથી પગપાળા યાત્રાળુઓ મોટી સંખ્યામાં ડાકોર દર્શન કરવા જાય છે.અમદાવાદ જિલ્લાના હીરાપુરાગામમાંથી ખાત્રજ ચોકડી સુધી પસાર થતા રોડ ઉપર યાત્રાળુઓ મોટી સંખ્યામાં અમદાવાદ શહેરમાથી પણ પગપાળા જાય છે. આ યાત્રિકો અમદાવાદથી જશોદાનગરથી હાથીજણ સર્કલ, હીરાપુર ચોકડીથી રાસ્કા પોટા હટ ચેક પોસ્ટ નાકા તરફ આવતા તમામ વાહનો તથા નડીયાદ તરફથી અને અમદાવાદ તરફથી આવતા તમામ પ્રકારના વાહનો ચાર પૈડા કે તેથી વધુ પૈડા ધરાવતા વાહનો બંને બાજુથી જતા આવતા વાહનો પર, હેરાફેરી પર આ જિલ્લાના વિવેકાનંદનગર હીરાપુર ચોકડી સુધી પ્રતિબંધ કરવા તથા ટ્રાફિકની વૈકલ્પિક વ્યવસ્થા અંગેનુ જાહેરનામુ બહાર પાડવા આવ્યું છે.

# રાજ્યમાં ૧-૨ ધોરણથી જ અંગ્રેજી વિષય ભણાવાશે

## રાજ્યના શિક્ષણ પ્રધાનની મહત્વપૂર્ણ જાહેરાત : રાજ્યના વિદ્યાર્થીઓનો અંગ્રેજીનો પાયો કાચો ન રહી જાય તે માટે રાજ્ય સરકાર દ્વારા નિર્ણય લેવામાં આવ્યો

ગાંધીનગર, તા.૧૭

ગુજરાતના વિદ્યાર્થીઓનો અંગ્રેજીનો પાયો કાચો ન રહી જાય તે માટે હવે રાજ્ય સરકાર દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્યમાં પ્રાથમિક શિક્ષણ અંગે સરકારે આ મહત્વનો નિર્ણય લીધો છે. ગુજરાતમાં હવેથી ધોરણ-૧ અને ૨થી જ અંગ્રેજી વિષય દાખલ કરવામાં આવશે તેવી જાહેરાત શિક્ષણ મંત્રી જીતુ વાઘાણી દ્વારા કરવામાં આવી છે. હાલમાં રાજ્યમાં પાંચમાં ધોરણથી અંગ્રેજી વિષય ભણાવવામાં આવે છે. પરંતુ હાલમાં અંગ્રેજીનું જ્ઞાન હોવું અત્યંત જરૂરી બની ગયું છે અને તેવામાં ગુજરાતના વિદ્યાર્થીઓ પણ અંગ્રેજીમાં પાછળ ન રહી જાય તે માટે સરકાર શરૂઆતથી જ આ વિષય ભણાવવાનું શરૂ કરશે. ધોરણ-૧ અને ધોરણ-૨થી જ અંગ્રેજી ભણાવવામાં આવશે જેથી વિદ્યાર્થીઓનો અંગ્રેજીનો પાયો કોચા ન રહી જાય.

રાજ્યના શિક્ષણ મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે, ગુજરાતી વિષય તો ફરજિયાત રહેશે જ પરંતુ આ તેની સાથે અંગ્રેજી વિષય પણ દાખલ કરવામાં આવશે. વર્તમાન સમયમાં અંગ્રેજી આવડવું ઘણું મહત્વનું બની ગયું છે અને તેનું મહત્વ પણ વધ્યું છે. મલ્ટિનેશનલ કંપનીમાં નોકરીની વાત હોય કે પછી વિદેશમાં જવા માટે અંગ્રેજી ભાષાની જરૂર પડે છે. તેથી બાળકો નાનપણથી જ અંગ્રેજીમાં પકડ મજબૂત બનાવશે તો આગળ જતાં તેમને તકલીફનો સામનો કરવો પડશે નહીં. વિદ્યાર્થીઓના ભવિષ્યના હિતને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ ઉપરાંત તેમણે જણાવ્યું હતું કે, શિક્ષણ વિભાગ દ્વારા ૩૩૦૦ વિદ્યા સહાયક ભરતીનું કામચલાઉ મેરિટ લિસ્ટ વિભાગની વેબસાઈટ પર જાહેર કરવામાં આવશે.

# બે વર્ષમાં ૫૬,૧૭,૫૪૫ ઈ-મેમો, ૩૦૯.૩૩ લાખની વસૂલાત બાકી

## અમદાવાદમાં સૌથી વધુ ૧૮,૨૩,૬૦૩ ઈ-ચલણ ઈશ્યૂ કરાયા, જેની વસૂલવામાં આવેલી દંડની રકમ ૧૪.૫૨ કરોડ

ગાંધીનગર, તા.૧૭

ગુજરાતભરમાં ડાંગ સિવાયના તમામ જિલ્લા તેમજ મોટા શહેરોમાં મોટાભાગના ટ્રાફિક જંક્શન પર લગાવાયેલા કેમેરામાં ટ્રાફિકના નિયમોનો ભંગ કરતા પકડાયેલા વાહનચાલકોને ૫૬,૧૭,૫૪૫ ઈ-મેમો ઈશ્યૂ કરવામાં આવ્યા છે. જોકે, રાજ્ય સરકાર દંડની કુલ રકમમાંથી માત્ર ૬૧.૪૨ કરોડ રુપિયા જ વસૂલ કરી શકી છે, જ્યારે ૩૦૯.૩૩ લાખ કરોડ રુપિયા હજૂય વસૂલવાના બાકી છે. આ માહિતી હાલમાં ચાલી રહેલા વિધાનસભા સત્રમાં વિપક્ષ દ્વારા પૂછાયેલા પ્રશ્નના જવાબમાં રાજ્ય સરકારે ગૃહ સમક્ષ રજૂ કરી હતી.

રાજ્ય સરકારે આપેલા આંકડા અનુસાર, ડાંગને બાદ કરતા ગુજરાતના તમામ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ઈ-મેમો ઈશ્યૂ કરવામાં આવ્યા છે. જેમાં અમદાવાદમાં સૌથી વધુ ૧૮,૨૩,૬૦૩ ઈ-ચલણ ઈશ્યૂ કરાયા છે, જેની વસૂલવામાં આવેલી દંડની રકમ ૧૪.૫૨ કરોડ રુપિયા થાય છે, જ્યારે ૧૦૭.૭ કરોડ રુપિયા વસૂલ કરવાના બાકી છે. અમદાવાદ બીજા ક્રમે રાજકોટ જિલ્લો આવે છે, જ્યાં ૧૪.૯૨ લાખ ઈ-મેમો ઈશ્યૂ થયા છે જેની દંડની ૧૭.૫૭ કરોડ રુપિયા રકમ વસૂલ થઈ છે, જ્યારે બાકી નીકળતી રકમ ૧૧૩.૬ કરોડ રુપિયા થાય, જે અમદાવાદથી પણ વધારે છે. નવાઈની વાત એ છે કે, રાજકોટમાં અમદાવાદ કરતાં ઓછા મેમો જનરેટ થયા છે, પરંતુ દંડની વસૂલાયેલી અને બાકી નીકળતી રકમનો આંકડો અમદાવાદથી વધારે થાય છે.

અમદાવાદ અને રાજકોટની સરખામણીએ સુરતમાં માત્ર ૧.૬૯ લાખ ઈ-મેમો ઈશ્યૂ કરાયા છે, જેમાંથી દંડની કુલ ૧.૧૫ કરોડની રકમ જમા થઈ છે, અને ૯.૮૪ કરોડ રુપિયા વસૂલવાના હજુ બાકી છે.

આમ, ઘરે આવેલા ઈ-મેમોનો દંડ ના ભરવાનું પ્રમાણ અમદાવાદ અને રાજકોટ કરતાં સુરતમાં વધારે થાય છે. વડોદરામાં બે વર્ષ દરમિયાન ૯.૮૨ લાખ ઈ-મેમો ઈશ્યૂ થયા છે, જેની દંડની રકમ ૯ કરોડ થાય છે, પરંતુ જિલ્લામાં અડધાથી ઉપર દંડ વસૂલવાનો બાકી છે, જે રકમ ૫.૩૫ કરોડ રુપિયા થાય છે.

રાજ્ય સરકારે જાહેર કરેલા આંકડા અનુસાર, રાજ્યના ૩૩ જિલ્લામાંથી ૧૩ જિલ્લા એવા છે કે જ્યાં બે વર્ષમાં ૫૦ હજારથી પણ વધુ ઈ-મેમો ઈશ્યૂ થયા છે.



કારમી મોંઘવારીના સમયમાં બે છેડા કેમ ભેગા કરવા તેની સમસ્યા દરેક પરિવારને છે. ખાસ કરીને શ્રમિક પરિવારો માટે તો બે ટંકના ભોજની વ્યવસ્થા કરવી મુશ્કેલ બને છે. આવા સમયે પરિવારના દરેક સભ્યે નાની-મોટી કોઈને કોઈ રોજગારી શોધવી પડે છે. સંસ્કૃતિકુંજ ખાતે હાલમાં ખૂબ ભીડ જમા થઈ રહી છે ત્યારે એક નાની દીકરી કાચી કેરી વેચીને પરિવારને મદદ કરી રહી છે. કેરી વેચતા વેચતા તેને ક્યારે ઉંઘ આવી ગઈ તેની જાણ જ તેને ન થઈ.

# રાજ્યમાં કોરોનાના નવા ૨૪ કેસ

અમદાવાદ, તા.૧૭

રાજ્યમાં કોરોનાના નવા ૨૪ કેસ આવ્યા છે. તો બીજી તરફ ૫૩ દર્દીઓ સાજા પણ થઈ ચુક્યા છે. તો બીજી તરપ ૧૨,૧૨,૩૫૭ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ પણ સુધરીને ૯૯.૦૭ ટકાએ પહોંચી ચુક્યો છે. તો બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં ૧,૫૯,૭૪૩ રસીના ડોઝ અપાઈ ચુક્યાં છે.

બીજી તરફ એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં કુલ ૪૧૪ એક્ટિવ કેસ છે. જે પૈકી ૦૬ નાગરિકો વેન્ટિલેટર પર છે. જ્યારે ૪૦૮ નાગરિકો સ્ટેબલ છે. અત્યાર સુધીમાં કુલ ૧૨,૧૨,૩૫૭ નાગરિકો ડિસ્ચાર્જ થઈ ચુક્યાં છે. ૧૦૯૩૯ નાગરિકોનાં અત્યાર સુધીમાં કોરોનાને કારણે મોત થઈ ચુક્યાં છે. જો કે રાહતના સમાચાર કહી શકાય કે આજે કોરોનાને કારણે એક પણ નાગરિકનું મોત નથી થયું. આજે રાજ્યમાં અમદાવાદ કોર્પોરેશનમાં ૧૪, વડોદરા કોર્પોરેશમાં ૩, ગાંધીનગર કોર્પોરેશનમાં ૨, સુરત કોર્પોરેશન ૨, વડોદરા ૨ અને પાટણમાં ૧ કેસ નોંધાયો છે.

બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં ૧૮ વર્ષથી વધારે ઉંમરના ૩૧૩૧ નાગરિકોને રસીનો પ્રથમ, ૨૧૭૦૬ નાગરિકોને રસીનો બીજો ડોઝ અપાઈ ચુક્યો છે. ૧૫-૧૭ વર્ષના નાગરિકો પૈકી ૧૨૦૯ ને પ્રથમ અને ૧૪૫૭૫ ને રસીનો બીજો ડોઝ અપાયો છે.

# પ્રિયંકાને યુપીનો ચાર્જ સોંપવો "પોલિટિકલ મીસફાયર" રહ્યું

## શંકરસિંહ વાઘેલાએ પંજાબ અંગે કહ્યું કે, ચાલુ રેસમાં ઘોડા ન બદલાય, છતાં રાહુલ ગાંધીએ અમરિન્દરને બદલ્યા

અમદાવાદ, તા.૧૭

કોંગ્રેસના નારાજ ગણાતા ૪-૨૩ નેતાઓની બુધવારે મળેલી બેઠકમાં હાજરી આપ્યા બાદ શંકરસિંહ વાઘેલાએ આજે પ્રેસ કોન્ફરન્સ કરી કોંગ્રેસને સલાહ આપી હતી. બાપુએ કહ્યું હતું કે, જૂનો દારૂ, જૂની દોસ્તી, જૂના નેતા અને જૂના ડોકટર સારા. તેમની આ ટિપ્પણીને રાહુલ ગાંધીએ કોંગ્રેસ વર્કિંગ કમિટીમાં કહેલી વાત સાથે જોડીને જોવામાં આવી રહી છે. રાહુલ ગાંધીએ હવે પક્ષમાં યુવાનો પર ફોકસ કરવાની વાત કરી હતી. તેમણે પંજાબમાં પાર્ટી દ્વારા લેવાયેલા નિર્ણયોને લઈ સવાલ ઉઠાવ્યા હતા. શંકરસિંહ વાઘેલાએ કહ્યું હતું કે, કોંગ્રેસમાં સંવાદનો અભાવ એ અત્યારે સૌથી મોટી સમસ્યા છે. સોનિયા ગાંધી બધાની વાતો સાંભળીને નિર્ણય લેતા હતા. રાહુલ ગાંધી વ્યકિત ખરાબ નથી. પણ જનરેશન ગેપના કારણે પ્રશ્ન છે. તેમણે કહ્યું કે, કોંગ્રેસમાં હવે અહમદભાઈની ખોટ વર્તાઈ રહી છે. બાપુએ પ્રિયંકા ગાંધીને યુપીનો ચાર્જ આપવાની કોંગ્રેસની રણનીતિને 'પોલિટિકલ મીસફાયર' જણાવ્યું હતું.

શંકરસિંહ વાઘેલાએ કહ્યું હતું કે, 'ચાલુ રેસમાં ઘોડા ન બદલાય છતાં પંજાબની ચૂંટણીના મહિનાઓ આડે રાહુલે અમરિન્દરને બદલ્યા. જૂની નેતાગીરીના અભાવના કારણે જે આટલું સારું રાજ્ય હતું, છ મહિના માટે કોઈ જૂનિયર હોય તો તેને પણ ખબર પડે કે ચાલુ રેસમાં ઘોડા બદલાય નહીં. ચાલુ રેસમાં અમરિંદરસિંહ કેપ્ટનને બદલી નાંખ્યા. પોતાની સરકાર ગુમાવી દીધી. હોમવર્ક અને સારા સલાહકારના અભાવથી થયું છે.'

તેમણે કહ્યું કે, 'રાહુલ ગાંધી ઓપન વિચારધારા ધરાવે છે, જનરેશનગેપ છે. સોનિયા તબિયત સારી ન હોવા છતાં પાર્ટીને સારી રીતે સંભાળી રહ્યાં છે. અહમદ પટેલે ગાંધી પરિવારને એક આવરણ બનીને સંભાળ્યો હતો. ઓપિનિયન મેકરનો અભાવ કોંગ્રેસને ભોગવવો પડી રહ્યો છે. અહમદભાઈની જે જગ્યા હતી ત્યાં યોગ્ય વ્યક્તિ સંભાળત તો જી-૨૩ જેવા ગ્રૂપો બન્યા ન હોત. આ વેદના વાળી વાત છે તો મને અટલજી યાદ આવે છે. સંગઠનના મુખ્ય લોકોનું બલિદાન અને અપેક્ષા હોય છે. એપ્રિશિએશન અને દુઃખમાં પીઠ પર હાથ મુકે તેની જરૂર હોય છે. અટલજીએ કવિતાની મે કહાં જાઉં કવિતા વેદના વ્યક્ત કરે છે. કાલે આ વાત ગુલાબ નબી, શશિ થરુર જેવા લોકો માટે હતી.બાપુએ કહ્યું કે, પાર્ટી હાઈકમાન્ડ પાસેથી અપેક્ષાઓ છે. હાઈકમાન્ડ એટલે સોનિયાજી અને રાહુલ ગાંધી. પ્રિયંકા માટે જે યોગ્ય સમયે થવું જોઈતું હતું. પ્રિયંકાને યુપીના મહામંત્રી બનાવીને રાજકારણમાં ઉતારવામાં આવ્યા હતા તે પોલિટિકલ મિસફાયર રહ્યું. દરેકની કારકિર્દી હોય છ.



શ્રી જલીયાણ સેવા ગ્રુપ દ્વારા અગિયારસના પાવન દિવસે આંગણવાડીના ભૂલકાઓને વેફર, ચીકી, બિસ્કીટ વગેરે નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યું હતું. શ્રી જલીયાણ સેવા ગ્રુપ દ્વારા આવા અનેક સેવાકાર્યો કરવામાં આવે છે.

### હળવે હૈયે ● અનુસંધાન ચોથાનું ચાલુ...

તો, 'એડવાન્સ' માં 'ફ્યુનરલ હોમ' માં પોતાની પસંદગીના અંતિમ સંસ્કાર માટેના 'પેકેજ' નાં નાણાં ભરી દઈ, જીવતેજીવત બુકીંગ કરાવનારાય પડ્યા છે. આપણે ત્યાં સંતાનો પર પૂરો 'ભરોસો' હોય એવા કેટલાક 'જીવતે જગતિયું' કરાવે છે ને એવું જ કહેવાય કે નહીં ? પોતાના અંતિમ સંસ્કાર માટે આવું 'એડવાન્સ બુકીંગ' કરાવી દેવા પાછળ એમાં થતાં રહેતા ભાવવધારામાંથી બચવા ઉપરાંત પોતે અંતિમ સંસ્કાર કેવા ભવ્ય કે સામાન્ય ઈચ્છે છે. (એટલે કે કેવું કોફીન જોઈશે, કેવું અસ્થિપાત્ર પસંદ છે, ફ્યુનરલની જગ્યા, એની ઉપર શું લખેલો મેમોરિયલ સ્ટોન હોવો જોઈએ, પોતાનાં અંતિમ દર્શન માળવાં કે કેમ, કેવા હોલમાં રાખવા, પોતાના 'ડેડ બોડી'ને કેવાં કપડાં, ચશ્મા - જર-ઝવેરાત પહેરાવવા કેવી હેર સ્ટાઈલ કરવી, કોને કોને બોલાવવા કેવી સસ્તી - મોંઘી કારમાં અંતિમ સવારી પોતે કરીને જશે વગેરે વગેરે) તે પહેલેથી જાહેર કરવાનો અને સૌથી મહત્ત્વનું તે 'આપ મૂસાફિર' પાછળવાળા ને પોતાના દેહની વ્યવસ્થા કરવાના ખર્ચને ચિંતામાંથી મુક્તિ આપવાનો હોય છે....

એવું કહેવાય છે કે વિશ્વયુદ્ધ સુધી તો આ 'ફ્યુનરલ હોમ'- ફ્યુનરલ ડાયરેકટર્સની પ્રથા વિદેશમાં નહોતી પણ મૃત સૈનિકોને એમના ઘરે - પરિવારજનોના દર્શને મોકલતાં પહેલાં એના શબને ઠીકઠાક કરાની (પ્રેઝેન્ટેબલ કરવાની) અને દૂર પહોંચે ત્યાં સુધી ખાસ પ્રક્રિયા કરીને સાચવી રાખવાની જરૂરિયાત ને લાગણી ઊભી થતા આવી સેવાઓનો પ્રારંભ થયેલો . પછી તો બીજાં સૌને માફક આવવા લાગી ને આજે આ વ્યવસાય ઠીક ઠાક ફૂલ્યો ફાલ્યો છે!!

અને છેલ્લે હિંદુઓએ હરખાવા જેવા સમારા છે કે એક સર્વેક્ષણ મુજબ, ૨૦૨૩ સુધીમાં સાઈઠ ટકા અમેરિકન્સ એમના મૃતદેહના અંતિમ સંસ્કાર માટે 'અગ્નિદાહ' અપાવી લેવાના છે... વેઈટ, વેઈટ... અમેરિકનોને આપણા સોળ સંસ્કાર પૈકીના છેલ્લા - અંતિમ સંસ્કારમાં રસ પડ્યો છે - શ્રદ્ધા બેઠી છે પરંતુ એટલા માટે કે એમના ધર્મ - માન્યતા મુજબ 'ફ્યુનરલ' દિવસે દિવસે મોંઘું બનતું જાય છે, જયારે 'અગ્નિદાહ' પ્રમાણમાં ઓછી ખર્ચાય - પ્રમાણમાં સસ્તી પદ્ધતિ સાબિત થાય છે!!

આ બધું જોયા - જાણ્યા પછી થાય જ ને કે જીનાં યહાં (પરદેશમાં).... સારું છે પણ પછી મરનાં કહાં?

### બે વર્ષનું ભાડુ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ કામ માટે બેઈઝ મેનેજમેન્ટ ફી નાણાંકીય વર્ષની કુલ આવકના ૨ ટકા રકમ અને પ્રોત્સાહક ફી-કુલ નફામાંથી બેઈઝ મેનેજમેન્ટ ફી તરીકે ચુકવેલ રકમ બાદ કરતાં બાકી રહેતા એડજસ્ટેડ નફામાંથી સંચાલનના વર્ષને ધ્યાને લઈ કુલ સંચાલન નફાના ૦ થી ૬.૫ ટા રકમ સુધી રકમ ચુકવવાનું નક્કી થયેલ છે.

છેલ્લા બે વર્ષમાં ૨૦૨૦માં શૂન્ય અને ૨૦૨૧માં ૭૧,૮૯,૧૨૭ રૂ. ચુકવવામાં આવેલ છે.

કાન્તિભાઈ પરમારના લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે કે રાજ્ય સરકારે મહાત્મા મંદિર ૪૫ વર્ષના પરવાના કરારથી ગરૂડને સંચાલન માટે સોંપવામાં આવેલ છે. અને છેલ્લા બે વર્ષમાં રૂ. ૨૪,૩૭,૪૯,૩૫૩ની આવક ગરૂડ કંપનીને થઈ છે.

# આરોપી ફેનિલ જેલમાંથી સાક્ષીને તોડવા પ્રયાસ કરે છે

## જેલમાંથી ફોન કરી પોતાની તરફેણમાં જુબાની આપવા દબાણ કરાતા ક્રિષ્ણા નામની યુવતીએ કોર્ટમાં ફરિયાદ કરી છે

સુરત,તા.૧૭

શહેરના ચકચારી ગ્રીષ્મા વેકરિયા હત્યા કેસમાં મોટો ઘટસ્ફોટ થયો છે. આ કેસના આરોપી ફેનિલ ગોયાણીએ સાક્ષીઓને તોડવાનો પ્રયાસ કર્યો છે. જેલમાંથી ફોન કરી પોતાની તરફેણમાં જુબાની આપવા દબાણ કરાતા ક્રિષ્ણા નામની યુવતીએ કોર્ટમાં ફરિયાદ કરી છે. ફેનિલે જેલમાંથી બહેનને ફોન કરવાની પરવાનગી લીધી હતી. જેનો તેણે ગેરઉપયોગ કર્યાનો આરોપ લાગ્યો છે. આ અંગે સરકારી વકીલ નયન સુખડવાળા દ્વારા કોર્ટમાં લેખિત ફરિયાદ કરવામાં આવી હતી. ફેનિલે કોલેજમાં સાથે ભણતી ક્રિષ્નાને બહેન બનાવી હતી. ગ્રીષ્માં સાથે તકરાર થતા અવારનવાર ફેનીલ ગ્રીષ્માને મારી નાખવાની વાત ક્રિષ્નાને કરતો હતો. હત્યાના બનાવના દિવસે પણ ફેનિલે ક્રિષ્નાને ફોન કરી ગ્રીષ્માને મારી નાખવાની વાત કરી હતી. કોર્ટમાં જુબાની દરમ્યાન થયો ખુલાસો. આ કેસમાં બુધવારે જિલ્લા સેવા સત્તામંડળ દ્વારા ગ્રીષ્માના પરિજનોને ૫ લાખનું વળતર આપવાની જાહેરાત કરી છે. આ અંગે મુખ્ય જિલ્લા સરકારી વકીલ નયન સુખડવાલાએ કહ્યું હતું કે, આ કેસમાં ટ્રાયલ ચાલુ થાય એ અગાઉ ગુજરાત પીડિત વળતર યોજના હેઠળ અરજી કરવામાં આવી હતી. ટ્રાયલ દરમિયાન જ રૂપિયા પાંચ લાખનું વળતર મળ્યું હોવાનો આ પહેલો કિસ્સો છે.

વળતરની રકમમાંથી દોઢ લાખ માતાને, દોઢ લાખ પિતાને, એક લાખ ઈજા પામનારા ભાઈને અને રૂપિયા એક લાખનું વળતર ઈજા પામનાર કાકાને અપાયું છે. ફેનિલે સાક્ષી યુવતીને ફોન કરીને કહ્યું હતું કે, 'તું મારી ફેવરમાં જુબાની આપજે.' સાક્ષીને ફેનિલે હત્યા પહેલા અનેકવાર તેને મારી નાંખવાની વાત કરતો હતો. પરંતુ અમને લાગતું હતું કે તે મજાક કરે છે. હું તેને કહેતી કે તારી તરફ એ ધ્યાન નથી આપતી શું કામ તેની પાછળ પડ્યો છે. જવા દેને. ફેનિલે ૫ રિપયા ભરીને બહેનને કોલ કર્યો હતો. તેણે જેલમાં કહ્યુ હતુ કે, મારે મારી બહેનને ફોન કરવો છે. નોંધનીય છે કે, સુરત ફાસ્ટેટ કોર્ટમાં ડે ટુ ડે કાર્યવાહી ચાલે છે. મુખ્ય જિલ્લા ન્યાયાધિશ વિમલ કે. વ્યાસની કોર્ટમાં ચાલી રહેલા કેસમાં સાક્ષીઓની જુબાની રોજ ૭ કલાક ચાલી રહી છે. કુલ ૧૯૦ વિટનેસ છે. ઘટનાસ્થળના સાક્ષી એવા મામલતદારની પણ જુબાની લેવાઈ હતી. સરકારી વકીલ નયન સુખડવાલાએ કહ્યું હતું કે, આ સમગ્ર કેસ મહિના કે સવા મહિનામાં પૂરી થાય એવી સંભાવના છે.